સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

જરૂર જેટલી નોટો પણ છાપી નથી શકતા!
ને માલિકને નોટો પરત આપી નથી શકતા!
આપી નથી શકતા કોઈ સેવા ચાર્જ લીધા વિના
તો કરી ધો બેન્ક બંધ, વિશ્વાસ સ્થાપી નથી શકતા...

હાઈકુ

છો ને મરતા!
બેન્ક કે ખાતેદાર -,
રોજી વધારો...
(બેન્ક હડતાળો)

છાપતા નથી!
લ્યો! બેન્કો પણ હવે -
છાપે ફતવા!
(દિ'ઉગે વા નિયમ)

ચિંતન

આ પર્સૂતે સા ભાર્યા

ગુણવાન પુત્રને જન્મ આપનાર સ્ત્રી જ ભાર્યા છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પશુપ્રાણીઓ પણ સંતાનોને જન્મ આપે છે, પણ તેઓ તેમના પર ગર્વ અનુભવી શકતા નથી. એ જ રીતે નાલાયક સંતાનને જન્મ આપનારી નારી પણ એમના પર ગર્વ અનુભવી શકતી નથી. સદ્ગુણી, પ્રતિફાશીલ પુત્રોને જન્મ આપનાર નારી ને જ માતાનું ગૌરવ પ્રાપ્ત થાય છે અને તે પોતે સાચી નારી હોવાનો ગર્વ અનુભવી શકે છે.

સાપની માતા અનેક બચ્ચાંને જન્મ આપે છે અને જન્મતાં જ એ માતાની છત્રછાયાથી દૂર થઈજાય છે અમૂક પ્રાણી પોતાનાં બચ્ચાને જ ખાઈ જાય છે.

સંસારમાં સંસ્કારી માતા પોતાના સંતાનને સંસ્કાર અને શિક્ષણ દ્વારા પ્રભાવશાળી અને ગૌરવવંતો બનાવે છે ત્યારે જાતે પણ એને જન્મ આપવાનું 'ગૌરવ' અનુભવે છે.

સુવિચાર

- મુશ્કેલ બાબતોને આદત બનાવવાની પદ્ધતિ એ શિસ્ત છે - **જનકલ્યાણ**
- કાન ખુલ્લા રાખો કદાચ તમે જિંદગીને સાંભળી પણ શકશો - **વજુ કોટક**
- જેને તમે ઉપકાર સમજતા હોવ એને હક્ક તરીકે માંગવાનું છોડો - **સંત રોબિન**
- ઉદ્ધતાઈએ મૂર્ખની છેલ્લી દલીલ હોય છે - **થોમસ જેફરસન**
- હોવું પર્યાપ્ત છે, બનવું નિરર્થક છે - **અર્થની વેણું**
- ત્રાજવું એના કાર્યમાં સોના અને લોખંડનો ભેદ કરતું નથી - **જનક મહારાજ**
- બુંદ બંનને કો સમુન્દર કી, હિમાલય ભી ગલ જાતા હૈ - **એસએમએસ**
- આજનું ઔષધ : ટાઢિયા ટાવમાં શરીરને ગરમી આપવા રાઈના તેલથી માલીશ કરી શકાય.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજકાલ માણસ ભગવાન, ગુરુ, નેતાઓ પ્રત્યે નિષ્ઠા બદલતો રહે જે બરાબર નથી, આજે એક સંપ્રદાયમાં કાલે બીજો, જરાવાર માતાજી, કયારેક કૃષ્ણ કે રામ, આ ગુરુ, બીજો ગુરુ - આમ ગૂંલાટો મારવાથી નિષ્ઠા જાગતી નથી શ્રદ્ધા દૃઢ થતી નથી. ગુરુ, પ્રત્યે એક નિષ્ઠ થઈ સેવાભાવ રહેવો જોઈએ.

જમનાલાલ બજાજ બે-ત્રણ માસ રમણ મહર્ષિના આશ્રમમાં રહીને આવ્યા હતા. ગાંધીજી ત્યારે મહાદેવભાઈ દેસાઈ વગેરે દક્ષિણ ભારતમાં હિંદીના પ્રચારમાં જહતા. જમનાલાલ મહર્ષિ રમણના તપ અને ચમત્કારોની વાતોથી ખૂબ પ્રભાવિત હતા. મહાદેવભાઈ પણ તેમને અવારનવાર પ્રશ્નો પૂછી ઉત્સુકતા બતાવતા હતા.

રમણ મહર્ષિનો આશ્રમ ગાંધીજીના પ્રવાસ માર્ગમાં જ આવતો હતો. નિરૂવણમલ્લૈમાં આશ્રમ ગાંધીજી બેઝવાડા રોકાયા હતા. મહાદેવને ગાંધીજીએ કહ્યું, મહાદવે, તમારે રમણ મહર્ષિના આશ્રમ જોવા જવું હોય તો જઈ આવો!

મહાદેવ ખૂશ થયા - રાત્રે બેગ-બિસ્ત્રો તૈયાર પણ કરી નાખ્યો. સવારે ગાંધીજી પાસે ગયા - દસ વાગ્યાની ગાડી હતી. ગાંધીજીએ કહ્યું તમને ફાવે ને મજા આવે તો એક-બે મહિના રોકાઈ જજો!

મહાદેવભાઈ ચમક્યા - બિસ્ત્રો છોડી નાખ્યો.કહ્યું, મારે નથી જવું - ગાંધીજીએ પૂછ્યું કેમ એકાએક?

મહાદેવ કહે - 'મારો, એક સ્વામી બસ છે, બીજો નથી કરવો.'

અંધશ્રદ્ધાની હોળી કરીએ

તંત્રીસ્થાનેથી...

દુનિયા જ નહીં, ખુદ ભારત પણ અંતરીક્ષ પર પગદંડો જમાવી રહ્યું હોય ત્યારે હજી આપણે પરંપરાગત અંધશ્રદ્ધા અને કર્મકાંડમાં ફસાયેલા રહીએ તે કેવી વિડંબના છે! હજી આપણે નર્મદાના જમાનાવાળી ગભરુ માનસિકતામાંથી બહાર જ નથી આવ્યા. દરેક કાર્યની શરૂઆત કરવા શુભ મુહૂર્તની, સાચા ચોઘડિયાની રાહ જોઈએ છીએ. કદાચ આ પ્રકારની માનસિકતા પાછળ વૈજ્ઞાનિક તથ્યો હોય તો પણ આજપર્યંત એનો કોઈ પ્રતીતિકર ખુલાસો નથી મળ્યો. ભીષ્મ પિતામહે ઈચ્છામૃત્યુનું વરદાન હોઈ વરદાન હોઈ મકર સંક્રાતિ સુધી બાણશૈયા પર અપાર પીડા ભોગવવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. એની પાછળ શાસ્ત્રની અવધારણા જવાબદાર હતી. દક્ષિણાયન દરમિયાન મૃત્યુ પામનારને પુનર્જન્મ લેવો પડે છે અને ઉત્તરાયણ પછી મરનારને મોક્ષ મળે છે એવી અવધારણાને સાબિત કરનારી કોઈ પ્રતીતિકર દલીલ ખરી? સવાસો વરસ જીવેલા સંત તુલસીદાસ સહિત આપા હજારો સંતો, મહાપુરુષો વરસના દક્ષિણાયન ગાળામાં મૃત્યુ પામ્યા છે. શું સદ્ગતિ પામવા માટે એમને ઉત્તરાયણ ગાળા સુધી રાહ જોવડાવવા જેટલી પણ ઉદારતા ઈશ્વરે ન દાખવી? હકીકતમાં આ બધી કપોળકલ્પનાઓ છે. શું અશુભ કહેવાતા દિવસોએ બાળકો જન્મે એ બધાં જ હલકી કોટિનાં માણસ બને છે? આવી રૂઢ થયેલી માન્યતાઓને કારણે પ્રજા નિર્બળ બને છે. એની સાહસિકતા મર્યાદિત બની જાય છે. શું કોઈ આતતાયી આક્રમણ કરે તો એનો પ્રતિકાર કરવા માટે પણ આપણે શુભમુર્હુતની રાહ જોઈને બેસી રહીશું? 'હોળાષ્ટક' ની જેમ જ ધનારક અને મીનારક (ધન રાશિમાં અને મીન રાશિમાં સૂર્યની સ્થિતિ) અશુભ ગણાતી રહી છે. આપણા શાસ્ત્રીઓએ આ દિવસો દરમિયાન ઈશ્વરભક્તિનો ઉપદેશ આપ્યો છે. પરંતુ સ્વામી દયાનંદ સરસ્વતીથી લઈ સ્વામી સચ્ચિદાનંદ સુધીના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચારતા મનીષીઓ આ મુદ્દે ક્રાંતિકારી અભિગમ અપનાવતા રહ્યા છે. દયાનંદે સૂર્ય-ચંદ્ર આદિ ભૌગોલિક પદાર્થો પર કે મૂર્તિ પૂજા પર આધારિત કર્મકાંડનો સખત વિરોધ કર્યો અને 'સત્યાર્થ પ્રકાશ' લખી કર્મકાંડ પેટભરા પાખંડીઓને ખુલ્લા પાડ્યા હતા. સચ્ચિદાનંદે એમના ક્રાંતિકારી લખાણોની સાથે જ મુર્હૂતમાં માનનારાઓની ઠેકણી ઉડાડી કાળી ચૌદશના દિવસે એમના આશ્રમોનું શિલારોપણ કર્યું! આવા ક્રાંતદૃષ્ટા સંતો જરૂર જરૂર આપણા અંધશ્રદ્ધામાં સડબતા સમાજને સાચી દિશા ચીંધી શકે. જો ધનતેરશનો દિવસ વણજોયું શુભ મુહુર્ત ગણાતો હોય તો એના પછી તરત જ આવનારો દિવસ અશુભ શી રીતે બની જાય? ગ્રહણના સમયને પણ અને વીંછુડા તથા પંચકના દિવસોને પણ આપણા કર્મકાંડીઓની નજર લાગેલી છે. શું ગ્રહણના દિવસે જન્મેલાં બાળકો જીવતા નથી? હોળાષ્ટકના આઠ દિવસોમાં શુભકાર્ય નહીં કરવા પાછળ ભક્ત પ્રહ્લાદ તરફની સહાનુભૂતિ હોય અને હોળીમાં હોલિકાનું દહન થઈ ગયું તથા પ્રહ્લાદ બચી ગયા એના આનંદનું પર્વ મનાવાતું હોય - તેથી દિવસો શુભાશુભ બની જાય તે કેવું! ચાલો, આપણે હોળાષ્ટક માનસિકતાથી મુક્ત બનવાની કોશિશ કરીએ! હોળીની જવાળામાં હોળાષ્ટક માનસિકતાને જ હોમી દઈએ!

ગણોત ધારાની કલમ ૬૩(સી) તથા ૬૩(ડી)નો સુધારો રદ બાતલ : બોનાફાઈડ પરચેસ એટલે માત્ર વ્યક્તિ જ ગણાય

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કંપની, સંસ્થા, મંડળી કે પેઢી ખેડૂત ખાતેદાર ગણાશે નહિ

રાજ્ય સરકારે તાજેતરમાં પરિપત્ર બહાર પાડી ગણોત ધારાની જોગવાઈઓમાં સુધારો કરી દોઢ વર્ષ પહેલા પેઢી, મંડળી, સંસ્થા કે કંપનીએ કરેલ ખેતીના જમીનના વેચાણ દસ્તાવેજ નામે ખાતે કરવા જંત્રીની રકમના ૧૦ ટકા પ્રીમીયમ ભરપાઈ કરેથી બોનાફાઈડ પરચેસર ગણવાનો પરિપત્ર રદ કરેલ છે. પરિપત્રની જાણ અગાઉથી થતા ઘણી કંપની, મંડળી, પેઢીઓએ કટ ઓફ ડેટ પહેલા દસ્તાવેજો કરાવી લઈ ખોટું કરેલ આવા કિસ્સામાં હવેથી ૮૪(સી) એટલે કે સરકારશ્રી દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. લાખો હેકટર જમીનના ટાઈટલ ઉપર આ પરિપત્રોથી અસર થશે અને જમીન ઉપર બાંધકામ કરેલ હશે તો તેનું શું થશે તેની કોઈ જોગવાઈ નથી.

બોનાફાઈડ પરચેસર એટલે ફકત વ્યક્તિ, વ્યક્તિ વચ્ચેના વ્યવહારો ખેડૂત ખાતેદારો વચ્ચેના વ્યવહારો માન્ય ગણાશે કંપની, મંડળી કે પેઢી એન.એ. કરાવ્યા સીવાય જમીન નામે ખાતે કરી શકે નહિ આવા કિસ્સામાં જો દસ્તાવેજ અગાઉથી કરાવેલ હશે તો રદબાતલ ગણી ગણોત ધારાની કલમ ૮૪(સી)ની કાર્યવાહી મામલતદાર કૃષી પંચે કરવાની રહેશે. આ મતલબનો એક પરિપત્ર રેવન્યુ વિભાગે તમામ જીલ્લા કલેકટરોને રવાના કરી સૂચના આપેલ છે .

ગણોત ધારાની કલમ ૬૩ માં સુધારો કરી વધારાની ૬૩(સી) અને (ડી)નો ઉમેરો કરવામાં આવ્યો હતો તે હવેથી રદ બાબતલ ગણાશે હાલમાં ખેતીની જમીન ખેડૂત ધારણ કરતો હોય તો તેવા કિસ્સામાં ૧૦ ટકા રકમ પ્રીમીયમ વસુલીને ટાઈટલ ક્લિયર કરવાનો હતો અને કટ ઓફ ડેટ પછી જો ખેડૂતે જમીન ધારણ કરી હોય તો તેવા કિસ્સામાં ૩૦૦ ગણો વધારો વસુલદાની જોગવાઈ હતી હવેથી બોનાફાઈડ પરચેસર તરીકે વ્યક્તિ, પેઢી કે મંડળીને આ પ્રકારના ટાઈટલ હશે તેમને ખેતીની જમીનમાં સરકાર દાખલ કરાશે એટલે કે ગણોત ધારાની કલમ ૮૪(સી)નો ભંગ ગણવામાં આવશે જેથી વિરોધ વધશે અને જમીનના ટાઈટલ રદ થશે સોદા પણ અટકશે માત્ર અમદાવાદ જીલ્લામાં આથી ૧૦ લાખ ચો.મી.થી વધારે જમીનનો આવેલ છે. વાયબ્રન્ટ ગુજરાતમાં સરકાર એક તરફ કંપનીઓ માટે લાલ જાઝમ બીછાવે છે અને જમીન એન.એ. કરવામાં વિલંબ કરવામાં આવતા ઉલટાનું જુના કાયદા રદ કરી નવા ફતવા પાડે છે જેથી લાખો કરોડોના ઈન્વેસ્ટમેન્ટ કરનાર કંપનીઓ મુંઝાશે અને વિવાદમાં પડશે જમીનના કેસો ઉકેલવામાં વર્ષો નિકળતા સરવાળે વિકાસ અટકશે.

જો અગાઉ કંપની, મંડળી કે પેઢીને બોનાફાઈડ પરચેસર ગણી હુકમ કરવામાં આવ્યો હોય તેમનો હુકમ રદ કરી રીવ્યુમાં લેવામાં આવશે.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૮૮ માં સુધારો કરી ગણોત ધારા કલમ ૬૩ માં ક અને ખ ઉમેરી સુધારો કરવામાં આવ્યો હતો તે રદ બાતલ ગણાશે. ૩૦/૬/૨૦૧૫ ની કટ ઓફ ડેટથી બીન ખેડૂત આવા વ્યવહારો ઉપર ૧૦ ટકા જંત્રીની રકમના પ્રીમીયમ વસુલી કાયદેસર ગણાવામાં આવ્યા હતા જેને હવે રીવ્યુમાં લેવામાં આવશે.

તાજેતરમાં તારીખ : ૧૭/૨/૨૦૧૭ ના રોજ દરેક જીલ્લા કલેકટરોને પરિપત્ર કરી સ્પષ્ટતા કરી છે કે ખેડૂત એટલે મંડળીને જમીન ખરીદવા માટે કલમ ૬૫ ની મંજુરી મેળવવી પડશે અગર તો જમીન બીન ખેતીમાં ફેરવ્યા બાદ જ આવી જમીન બીન ખેડૂતને વેચાણ કરી શકાશે અન્ય ગણોત ધારાની કલમ ૮૪(સી) ની જોગવાઈ લાગુ પાડવામાં આવશે. આવા પરિપત્રથી લાખો ચો.મી. જમીનના ટાઈટલ ક્લિયર અટકવાના કરોડોના પ્રોજેકટ બંધ થવાની હાલત થશે નોટબંધી બાદ આમેય રીયલ એસ્ટેટમાં મંદિનો માહોલ હતો જે ઈન્ડસ્ટ્રી સુધી લંબાશે અને નવા ઉદ્યોગ ધંધા ખોલતા પહેલા જ સમેટી લેશે જે કંપનીએ રોકાણ જમીનમાં કરી દસ્તાવેજો કરેલ છે તેમને બાંધકામ મંજુરી મળતા વિલંબ થશે ઉલટાના ૮૪(સી) ના કેસોનો સામનો કરવો પડશે.

કંપની, મંડળી કે સંસ્થા, પેઢીના નામે જમીન ખરીદી બોનાફાઈડ પરચેસર ગણી પ્રીમીયમ વસુલ કરેલ હશે તો તેવા હુકમ રદ કરવાના પણ આદેશ કરેલ છે. ગણોત ધારા કલમ ૬૩ માં ક, ખ નો સુધારો ૧૭/૨/૨૦૧૭ ના પરીપત્રથી રદ બાતલ ઠરાવેલ છે.

કંપની, સંસ્થા, મંડળી કે પેઢીને હવે જુના ગણોત ધારાના નિયમો લાગુ પડશે એટલે કે

અનુસંધાન પાના નં. ૭ પર

એક-બેના દિલ જીતી ચાલી જવાની પણ મજા અનેરી હોય છે...!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

નહિંતર કોણ જાણતું હતું મુજ શરીફને,
હસ્તી થઈ ગયો પ્રેમમાં ફટકી ગયા પછી.
- ડૉ. હિતેશ પટેલ

ફેબ્રુઆરી મહિનો એટલે અંગ્રેજી ઢબે પ્રેમના એકરારનો મહિનો. જો કે આપણે હવે એંગ્લો ઈન્ડિયન બની ગયા છીએ એટલે અંગ્રેજોથી પ્રેમનો ઈઝહાર કરતા અને વેલેન્ટાઈન ડેની ઉજવણી કરતાં પણ સરસ રીતે શીખી ગયા છીએ. પણ આમ જોવા જઈએ તો ફાગણ આવે, હોળી આવે એટલે આ પ્રેમની ઋતુનો રંગ આપણા પર બરાબર ચઢે છે. માર્ચનું પહેલું સપ્તાહ ૮મી માર્ચે આવનારા 'Women's day ની ઉજવણી માટે સજ્જ થતું જણાય છે. આમ જોવા જઈએ તો હવે તો 'every day is a Women's day' થઈ ગયો છે. પણ છતાં આજે પણ સ્ત્રીઓ પર થતાં અત્યાચારના કિસ્સાઓ છાપામાં અને ન્યુઝમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. પ્રેમની વાત આવે ત્યારે સ્ત્રી થોડી વધુ સંવેદનશીલ છે તેમ માનવામાં આવે છે. જો કે, સમયાંતરે એમાં થોડા ફેરફાર ચોક્કસપણે આવ્યા છે. પ્રેમમાં પડ્યા પછી ભલભલા પુરુષની પરિસ્થિતિ તેના અંકુશમાં રહેતી નથી. જો કે આજે મારે વાત સ્ત્રી-પુરુષના પ્રમની નહિ પણ બે સ્ત્રીઓ વચ્ચે પાંગરતા સંબધો અને તેમાંથી સર્જાતી સમસ્યાની કરવી છે. જેનો ભોગ આખરે એક પુરુષ જ બનતો હોય છે.

બે સ્ત્રીઓ વચ્ચે સાસુ-વહુ, નણંદ-ભાભી કે દેરાણી-જેઠાણીનો સંઘર્ષ સમય જતાં ઘટી રહ્યો છે. હવે તેઓ એકબીજાના સારા મિત્રો બનીને સુંદર રીતે સંબંધને જાળવવા શીખી ગયા છે. હવે નવી જાતનો એક સંઘર્ષ વધુ જોવા મળે છે અને એ છે 'Extra marital સંબંધને કારણે જયારે કોઈ સ્ત્રી પરણીત પુરુષના પ્રેમમાં પડે ત્યારે તે બંને સ્ત્રી વચ્ચેનો સંબંધ! આ અત્યંત એક જટિલ બાબત છે. પુરુષનો સ્વભાવ હંમેશા અધિકાર ભાવનો જ રહ્યો છે માટે પુરુષ કયારેય તેને પ્રેમ કરતી સ્ત્રીનો અન્ય સાથેનો સંબંધ સહન કરી શકતો નથી. પણ જે સ્ત્રી બધું જ સત્ય જાણતી હોવા છતાં એક પરણેલા પુરુષને ચાહે તે મને-કમને પોતાના પુરુષને અન્ય સ્ત્રી સાથે જોવા માટે મજબૂર હોય છે. પણ તેમ છતાં તેના પ્રેમની તીવ્રતામાં ઘટાડો થતો નથી. પુરુષ જ પોતાને મનગમતી સ્ત્રી માટે પઝેસીવ હોય અને સ્ત્રી નહિ તેમ નથી પણ સ્ત્રીમાં સહનશક્તિ અને ધીરજ છે. જયારે પુરુષ માટે કોઈએ ખરું જ કહ્યું છે કે,

"બધું કરી શકતો હોય
એ, પણ....
જતું કરી શકતો નથી."

સામાજિક રીતે આ સંબંધનો સ્વીકાર કયારેય થઈ શકવાનો નથી એ જાણવા છતાં આપણે ત્યાં છાના-છપના ખૂણે આ પ્રકારના સંબંધો જોવા મળે છે. આ સારી-ખોટી કે સાચી-જુઠ્ઠી બાબત છે એ વાતની ચર્ચા અહીં ન કરીએ પણ એક સ્ત્રી તરીકે અન્ય સ્ત્રીને આપણાથી અન્યાય શી રીતે થાય? કારણ ભલે ગમે તે હોય પણ એક સ્ત્રી તરીકે અન્ય સ્ત્રીને થનારા અન્યાય વિષે વિચાર્યા વિના શી રીતે આગળ વધી શકાય? આ પ્રકારના પ્રણય ત્રિકોણમાં પુરુષની પરિસ્થિતિ સૌથી વધુ દયનીય હોય છે. શરુઆતમાં તે પ્રેમમાં કે મોહમાં અંધ બનીને આવનારી પરિસ્થિતિ વિષે વિચારવાનું ટાળે છે. પણ જયારે વાત ગંભીર બને અને તેને લાગે કે સામાજિક રીતે તે પત્નીને પણ નકારી શકે તેમ નથી અને પ્રેયસીને પણ પોતાનાથી અલગ કરવું તેને માટે અશક્ય છે ત્યારે તે ભારે મૂંઝવણ, દ્વિધા અને વિષાદમાં સરી પડે છે. હમણાં થોડાં દિવસ પૂર્વે આ વિષય પર RJ રિયા દ્વારા એક સુંદર વાર્તાનું પઠન થયું જેનું શિર્ષક હતું 'A Letter to lover's wife'.

જયારે સ્ત્રી પોતાની નૈતિક ફરજ સમજીને કોઈ અન્યના લગ્નજીવનમાંથી સ્વેચ્છાએ જ ખસી જાય છે ત્યારે આ પ્રકારની સમસ્યાનો અંત આવી જાય છે. પ્રેમ એ દેખાડાની નહિ અનુભૂતિનો અહેસાસ છે. બોલવામાં કે લખવામાં સહેલી જણાતી આ વાત હકીકતમાં કદાચ ખૂબ અઘરી હોય તેમ છતાં સ્ત્રીએ પોતાની આંતરસૂઝના દર્શન અહીં કરાવવા જ રહ્યા. અલબત્ત, છૂટાછેડા લઈને કાયદેસર પત્નીથી દૂર થઈને અન્ય સ્ત્રી સાથે સંબંધ બાંધવામાં કાંઈ તકલીફ નથી. પણ સામાજિક ડરથી કે દંભથી પ્રેરાઈને બંને સ્ત્રી સાથે સંબંધ રાખનાર પુરુષ પોતે પણ તકલીફમાં મૂકાય છે અને તેની સાથે સંકળાયેલી બંને સ્ત્રીઓના પરિવારને પણ સામાજિક દૃષ્ટિએ નીચાજોણું થાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. લગ્નજીવનમાં ઉતાર-ચડાવ આવે કે મતભેદ સર્જાય અથવા અંતર વધતું જાય તેમ છતાં સંબંધમાં વિશ્વાસ જાળવી રાખવામાં આવે તો બંને પક્ષે ધાર્યા પરિણામો અચૂક મેળવી શકાય.

જયારે બે સ્ત્રી એક જ પુરુષને ચાહે ત્યારે શરુઆતમાં તેની સાથે સંકળાયેલી બંને સ્ત્રીઓ એકબીજાની દુશ્મન બની જાય પણ શાંત ચિત્તે વિચારવામાં આવે તો તે બંને એક સમાન પરિસ્થિતિનો શિકાર થયેલ છે. અને માટે બંને જો એકબીજા પ્રત્યે પ્રેમ અને અનુકંપા દર્શાવે તો સંબંધ અને જિંદગી બંનેમાં આવતા વંટોળને શમાવી શકાય. પ્રેમ એ માત્ર પામવાનું જ નહિ પરંતુ ત્યાગનું પણ પ્રતિક છે પ્રેમ માટે, પ્રેમના માર્ગમાં આવતા અંતરાયો માટે અને જેને પ્રેમ કરતા હોઈએ તેની જિંદગીમાં તોફાન આણવાને બદલે પ્રેમથી ખસીને મારગ દઈ દેવામાં જ સાર છે. સ્ત્રીઓનું રહેલું ધૈર્ય અને સહનશીલતાને જોતાં સ્ત્રીને ધરતીની ઉપમા અપાય છે ત્યારે એક સ્ત્રી થઈને જો આપણે અન્ય સ્ત્રીના જીવનમાં અવરોધ ઉભો કરીએ તો આપણો સ્ત્રી તરીકેનો જન્મ લાજે! એકવાર પ્રેમમાં પડ્યા બાદ કોઈને પણ ભૂલવું અશક્ય હોય છે તે જાણવા છતાં પ્રેમના માટે જ હસતા હસતા માર્ગ આપે તે જ સાચી સ્ત્રી! તો આવો, ૮મી માર્ચે 'વુમન ડે'ના આ પવિત્ર દિવસે એક સ્ત્રી અન્ય સ્ત્રીના જીવનમાં કોઈ પણ જાતનો અવરોધ ઊભો ન કરે તેવી પ્રતિજ્ઞા કરીએ.

Last Seen :

દુઃખમાં સહી લેવાની પણ મજા અનેરી હોય છે,
હારેલી જિંદગી જીવવાની પણ મજા અનેરી હોય છે.
દુનિયા જીતનારા ઘણાં સિકંદરો ભૂલાઈ ગયાં,
એક-બેના દિલ જીતી ચાલી જવાની પણ
મજા અનેરી હોય છે !...

- nehalgadhavi101@gmail.com

ભારતીય રાજકારણ ધાર્મિક શ્રદ્ધાને સહારે



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- **શ્રી સોમનાથની પ્રાણપ્રતિષ્ઠાના મુદ્દે રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ અને વડાપ્રધાન નેહરુ આમનેસામને હતા.**
- **સર્વધર્મ સમભાવના ભારતીય ખ્યાલ અને સેક્યુલરવાદના પશ્ચિમી ગોત્રમાં જમીન આસમાનનું અંતર**
- **ગાંધીજીના સાધનશુદ્ધિના વિચાર અને ધર્મને વટાવવાની આજની હરણફાળને કોઈ મેળ ખાતો નથી**
- **વડાપ્રધાન મોદી કે મુખ્ય મંત્રી કેસીઆર સરકારી તિજોરીના હિસાબે અને જોખમે દેવદર્શન કરે છે**

ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના સૅક્યુલરવાદને હવેના તમામ પક્ષોના રાજનેતાઓ ધાર્મિક વાઘા ચડાવવા માંડ્યા છે. નેહરુને પણ ગંગા મૈયાનું જળ માથે ચડાવતા એમના સાથી પ્રધાન રહેલા અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ ક. મા. મુનશીએ નિહાળ્યા હતા. કાશ્મીરી બ્રાહ્મણ નેહરુ પશ્ચિમમાં અંગ્રેજી સંસ્કારો અને ફૅબિયન સોશિયલિઝમના ખ્યાલમાં પલોટાઈને ભારતીય રાજકારણમાં સક્રિય થયા ત્યારે સૅક્યુલરી વાઘા ચડાવતા હતા. મુનશીના આગ્રહથી સોમનાથનો જીર્ણોદ્ધાર કરવાનો સરદાર પટેલે સંકલ્પ જાહેર કર્યો ત્યારે સ્વયં મહાત્મા ગાંધીએ સરકારી નાણાંનો આવા ધાર્મિક મંદિરના જીર્ણોદ્ધારમાં ઉપયોગ ના કરાય એવો આગ્રહ સેવ્યો હતો. વડા પ્રધાન નેહરુએ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના સોમનાથમાં મહાદેવ પ્રતિષ્ઠા અવસરે ૧૧ મે ૧૯૫૧ના રોજ જઈને સરકારના ધાર્મિક બાબત સાથે જોડાવાના સંકેતોમાં અવરોધ લાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે મુનશીને આપેલા વચનનું પાલન કરીને રાજેન્દ્રબાબુ સોમનાથ ગયા હતા એટલું જ નહીં તેમણે ધર્મ નિરપેક્ષતાની વ્યાખ્યા પણ સુપેરે કરી હતી. ''સૅક્યુલરવાદમાં દેશમાં વસનારા પ્રત્યેક સંપ્રદાયના લોકોને સરકાર તરફથી એકસમાન સુવિધાઓ પ્રાપ્ત કરવાનો દૃષ્ટિકોણ રાખવામાં આવ્યો છે.'' એમણે પોતાની શ્રદ્ધા અને ભક્તિ તમામ ધર્મો પ્રત્યે હોવાનું સ્પષ્ટ કરતાં કહ્યું હતું : ''અવસર મળતાં હું દરગાહ અને મસ્જિદ, દેવળ અને ગુરુદ્વારામાં પણ જાઉં છું. ધાર્મિક અસહિષ્ણુતાની નીતિ અસફળ સાબિત થઈ છે અને ભવિષ્યમાં પણ એ નિષ્ફળ જ રહેશે.''

નેહરુ સરકારે સોમનાથની એ ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા વખતે રાષ્ટ્રપતિએ આપેલા પ્રવચનને પ્રસાર-પ્રચાર માધ્યમોમાં ઝાઝું મહત્ત્વ ના મળે એની ગોઠવણ કરી હતી. સરદાર પટેલની ઈચ્છાનુસાર, જામસાહેબ અને આરઝી હકૂમતના દાનથી સોમનાથના જીર્ણોદ્ધારનો આરંભ થયો હતો. જોકે, આજે તો સોમનાથ મંદિર રાજ્ય સરકારના અખત્યાર તળે સરકારી અધિકારીઓ થકી સંચાલિત છે.હવેની સરકારો હિંદુ સહિતનાં દેવસ્થાનોના સંચાલનમાં પોતાનો અધિકાર જમાવતી થઈ છે અને જરૂર પડ્યે અંબાજી જેવાં ટ્રસ્ટમાંથી સરકારી નોકરોના પગાર પણ થતા રહ્યા છે.

ધર્મનિરપેક્ષતા (સૅક્યુલરવાદ)નો અર્થ ધર્મવિરોધનો થતો નહીં હોવા છતાં કૉંગ્રેસી શાસન હેઠળ સૅક્યુલર હોવું એટલે જાણે કે હિંદુવિરોધી અને મુસ્લિમ તુષ્ટીકરણની નીતિને અનુસરવાની નીતિરીતિના પાલન ભણી ઢળવાનું ચાલતું રહ્યું. કૉંગ્રેસની આ મહાભૂલે જ છદ્મ- સૅક્યુલરવાદના નારા સાથે ભારતીય જનતા પક્ષ અને એના અગાઉના અવતાર જનસંઘને લોકસ્વીકૃતિ બક્ષી. નેહરુવંશ ભણીના પ્રજાના રોષ માટે સૅક્યુલરવાદનું પરિબળ ખૂબ મહત્ત્વનું યોગદાન કરતું રહ્યું.

પશ્ચિમના વિશ્વમાં વિવિધ દેશોની સરકારોના સંચાલનમાં નામદાર પોપની દખલગીરી સામેના વિરોધમાંથી સૅક્યુલર શબ્દનો જન્મ થયો હતો. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોમાં રાજા પોતાના ધાર્મિક ગુરુને પોતાના કરતાં ઊંચું આસન આપે છતાં 'ધર્મો અર્થસ્ય દાસ' એ ન્યાયે ધર્મગુરુઓ સત્તાધીશોને માત્ર ઉપદેશ કરવા સિવાય શાસનમાં ઝાઝી દખલગીરી કરી શકતા નહોતા. ભારતીય શાસન પ્રણાલીમાં સૅક્યુલર શબ્દનો અર્થ પશ્ચિમના વિશ્વને અભિપ્રેત અર્થ કરતાં જુદો પડે છે. જોકે આવા સંજોગોમાં રાજકારણના ભારતીયકરણ અને એની ભારતીય દૃષ્ટિના ગાંધીજીએ કરેલા પ્રયાસોથી નેહરુ શાસન અવળી દિશામાં ચાલ્યું. એમાંથી જ એના અવનતિને આરે આવીને ઊભા રહેવાના સંજોગો સર્જાયા છે. આજે ભારતીય રાજનેતાઓ અને ધર્મગુરુઓ પોતાની મર્યાદા ચૂકીને સત્તાકારણ અને વૉટકારણ માટે પરસ્પરના ઉપયોગ ભણી એટલી હદે ભેળસેળ અનુભવે છે કે હવેના સંજોગોમાં ધર્મસ્થળો, ધર્મગુરુઓ અને ધર્માચાર્યોના આદેશોમાં નર્યું રાજકારણ જ જોવા મળે છે. ધર્માચાર્યો પોતાના ધાર્મિક કાર્યને છોડીને ઘણીવાર રાજકીય સત્તાકારણ અને પ્રધાનપદાંની હોડમાં રમમાણ થઈ રહ્યા છે. કોઈ એક ધર્મ કે સંપ્રદાય નહીં, પણ તમામ ધર્મો અને સંપ્રદાયોમાં આવી હોડ મચી છે. જોકે એના પ્રારંભ માટે પણ ગાંધીજીને જ દોષ દેવામાં આવે છે, કારણ મહાત્માએ ધર્મ અને રાજનીતિની ભેળસેળ કરી દીધી હતી. આજના સંજોગોમાં એના અંતિમનાં પરિણામો અને વરવાં દ્રશ્યો જોવા મળે છે. મહાત્માને મન સત્ય એ જ ઈશ્વર હતો અને સાધનશુદ્ધિનો આગ્રહ કેન્દ્રસ્થાને હતો. હવે સમય એવો આવ્યો છે કે સાધનશુદ્ધિ નહીં, સાધ્યપ્રાપ્તિ માટે ''કુછ ભી કરેગા''નો જમાનો આવી ગયો છે.

ભારતીય રાજકીય પક્ષોમાં ધર્મસ્થળો, ધાર્મિક નેતાઓ અને દેવદર્શનોના રાજકીયકરણનો માહોલ એટલી હદે વકર્યો છે કે ચૂંટણી જીતવાથી લઈને ચૂંટણી જીત્યા પછીની કવાયત કરવાની બાબતમાં પણ ધર્મસ્થળોનો મહિમા બેસૂમાર છે. હમણાં મહારાષ્ટ્રની જિલ્લા પંચાયતો મહાનગરપાલિકાઓ અને પાલિકાની ચૂંટણીઓમાં જોરદાર આગેકૂચ મેળવવામાં સફળ રહેલા ભાજપના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પોતાના પ્રધાનો સાથે છત્રપતિ શિવાજી મહારાજની રાયગઢ ખાતેની સમાધિએ દર્શન કરવા પહોંચી ગયા હતા. વ્યક્તિગત આસ્થા એ જુદી વાત છે, પણ અહીં સરકારી રસાલા સાથે જવું અને સરકારી તિજોરીમાંથી નાણાં ખર્ચવાં એ કેટલું યોગ્ય છે, એવો કોઈ પ્રશ્ન ઊઠાવે ત્યારે એને દેશદ્રોહી ગણાવી દેવા સુધી જવાનું વલણ જોવા મળે છે. રાયગઢ એ શિવાજી મહારાજની રાજધાની હતી અને એમણે ૧૬૮૦માં અહીં દેહત્યાગ કર્યો હતો. ફડણવીસ સરકારે આ સ્થળના વિકાસ માટે ૫૦૦ કરોડની ફાળવણી કરવા ઉપરાંત મુંબઈના દરિયાની વચ્ચે શિવ સ્મારક બનાવવા ૩૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી

અનુસંધાન પાના નં. ૭ પર